# પેચેક પ્રોટેક્શન પ્રોગ્રામ

## પીપીપી લોન માફી પર વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQs)

પેચેક પ્રોટેક્શન પ્રોગ્રામ ફ્લેક્સિબિલિટી એક્ટ (ફ્લેક્સિબિલિટી એક્ટ) દ્વારા સુધારા અનુસાર, કોરોનાવાયરસ એઇડ, રીલીફ, રાહત અને આર્થિક સુરક્ષા કાયદો (CARES એક્ટ) ની સેક્શન 1106 અંતર્ગત પ્રદાન કરવામાં આવતી પેચેક પ્રોટેક્શન પ્રોગ્રામ (પીપીપી) લોનની માફી સંબંધિત ઉધાર લેનાર અને ઉધાર આપનારનાં પ્રશ્નોને સંબોધવા ડીપાર્ટમેન્ટ ઑફ ટ્રીઝરી સાથેનાં પરામર્શમાં નાના વ્યવસાયનું સંચાલન (SBA) આ માર્ગદર્શન પ્રદાન કરે છે.

ઉધાર લેનાર અને ઉધાર આપનાર CARES એક્ટનાં અને પેચેક પ્રોટેક્શન ઇન્ટરિમ ફાઇનલ રૂલ્સ ("પીપીપી ઇન્ટરિમ ફાઇનલ રૂલ્સ") (લિંક) નાં ડીપાર્ટમેન્ટ ઑફ ટ્રીઝરીનાં પરામર્શમાં, SBAનાં અર્થઘટન તરીકે આ દસ્તાવેજમાં પ્રદાન કરવામાં આવેલા માર્ગદર્શન પર આધાર રાખી શકે છે.

### જનરલ લોન માફીનાં વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQs)

1. **પ્રશ્ન:** કોઇપણ કર્મચારીઓ ન હોય તેવા સંપૂર્ણ માલિકો, સ્વતંત્ર ઠેકેદારો, અથવા સ્વરોજગાર-વ્યક્તિઓએ કઇ લોન માફી અરજી પૂર્ણ કરવી જોઇએ?

   **જવાબ:** સંપૂર્ણ માલિકો, સ્વતંત્ર ઠેકેદારો, અને સ્વ-રોજગાર વ્યક્તિઓ કે જેઓ પીપીપી લોન અરજી વખતે કોઇ કર્મચારીઓ ધરાવતા ન હતા અને ઉધાર લેનારનાં અરજી પત્રકમાં સરેરાશ માસિક પેરોલની ગણતરીમાં કોઇપણ કર્મચારીઓનાં પગારનો સમાવેશ કર્યો ન હતો તેઓ લોન માફી અરજી ફોર્મ 3508EZ અથવા ઉધાર આપનાર સમતુલ્યનો ઉપયોગ કરવા આપમેળે લાયકાત ધરાવે છે અને તે અરજી પૂર્ણ કરવી જોઇએ.

2. **પ્રશ્ન:** શું પીપીપી ઉધાર આપનારાઓ લોન માફી અરજીઓ અને લોન માફી દસ્તાવેજીકરણ માટે દસ્તાવેજોની સ્કેન કરેલી નકલો, ઇ-હસ્તાક્ષરો, અથવા ઇ-સંમતિઓનો ઉપયોગ કરી શકે છે?

   **જવાબ:** હા. તમામ પીપીપી ઉધાર આપનારાઓ SBA ફોર્મ 3508, 3508EZ, અથવા ઉધાર આપનારને સમતુલ્ય દ્વારા આવશ્યક માહિતી અને પ્રમાણિકરણો સમાવતી હસ્તાક્ષરકૃત લોન અરજીઓ અને દસ્તાવેજોની સ્કેન કરેલી નકલો સ્વિકારી શકે છે. ઉધાર આપનારાઓ કોઇપણ સ્વરૂપની ઇ-સંમતિઓ કે ઇ-હસ્તાક્ષરો સ્વિકારી શકે છે જે ઇલેક્ટ્રોનિક હસ્તાક્ષરો ઇન ગ્લોબલ એન્ડ નેશનલ કોમર્સ એક્ટ (P.L. 106-229) ની આવશ્યકતાઓ સાથે અનુપાલનમાં હોય.

વ્યક્તિની ઉપલબ્ધતા વગર ભીની શાહીથી હસ્તાક્ષર મેળવતી વખતે જો ઇલેક્ટ્રોનિક હસ્તાક્ષરો સુલભ ન થઇ શકતા હોય, તો પછી ઉધાર આપનારાઓએ યોગ્ય પક્ષકારે દસ્તાવેજો બનાવ્યા છે તેની ખાતરી કરવા યોગ્ય પગલાઓ લેવા જોઇએ.

આ માર્ગદર્શન ઉધાર આપનારનાં પ્રાયમરી ફેડરલ રેગ્યુલેટર સહિત, અન્ય લાગું પડતા કાયદા દ્વારા લગાડવામાં આવેલી હસ્તાક્ષરની આવશ્યકતાઓ સુપરસીડ નથી કરતું.

3. **પ્રશ્ન:** જો ઉધાર લેનાર સમયસર લોન માફી અરજી સબમિટ કરે છે, તો શું જો SBA દ્વારા કોઇ માફી રકમ જમા કરવામાં આવે તે પહેલ તેની લોન પર ઉધાર લેનારે કોઇ ચૂકવણીઓ કરવાની અનિવાર્યતા છે?

**જવાબ:** જો ઉધાર લેનાર આવરીત સમયગાળો (નીચે વ્યાખ્યાયિત કર્યા અનુસાર) પૂર્ણ થવાનાં દસ મહિનાઓની અંદર તેની લોન માફી અરજી સબમિટ કરે છે, તો SBA દ્વારા ઉધાર આપનાર તરફ માફી રકમ જમા કરાવવામાં આવે ત્યાં સુધી ઉધાર લેનારે કોઇ ચૂકવણીઓ કરવાની આવશ્યકતા નથી. જો લોન સંપૂર્ણ રીતે માફ કરવામાં આવે છે, તો ઉધાર લેનાર કોઇપણ ચૂકવણીઓ કરવા માટે જવાબદાર રહેતા નથી. જો લોનનો કોઇ ભાગ માફ કરવામાં આવે છે, અથવા જો લોનની અરજી નકારવામાં આવે છે, તો લોન પર બાકી રહેલી કોઇપણ રકમ ઉધાર લેનારે લોનની પરિપક્વતા તારીખ પર અથવા પહેલા ભરપાઇ કરવી અનિવાર્ય છે. લોન આપવાનાં અને SBA દ્વારા માફીની રકમ જમા કરાવવાનાં સમય દરમિયાન ઉપાર્જિત વ્યાજ. માફ ન કરવામાં આવેલી કોઇપણ રકમ પર ઉપાર્જિત વ્યાજ ચૂકવવા માટે ઉધાર લેનાર જવાબદાર છે. જો લાગું પડતું હોય તો SBA દ્વારા લોન માફી રકમ જમા કરાવ્યાનું (અથવા SBA દ્વારા નક્કી કરવામાં આવે કે લોનની કોઇ રકમ માફી માટે લાયક નથી) અને ઉધાર લેનારની પ્રથમ ચૂકવણી કઇ તારીખ પર કરવાની થાય છે તે અંગે ઉધાર લેનારને સૂચિત કરવા માટે ઉધાર આપનાર જવાબદાર છે.

4. **પ્રશ્ન:** પીપીપી લોન માફી એપ્લિકેશન ફોર્મ (3508, 3508EZ અને 3508S) ઉપલા-જમણા ખૂણામાં 10/31/2020 ની સમાપ્તિ તારીખ પ્રદર્શિત કરે છે. શું 31 ઓક્ટોબર, 2020 ઉધાર લેનારાઓ માટે માફી માટે અરજી કરવાની અંતિમ તારીખ છે?

**જવાબ:** ના. ઉધાર લેનારાઓ લોનની મેચ્યુરિટી તારીખ પહેલા કોઇપણ સમયે લોન માફી અરજી સબમિટ કરી શકે છે, જે લોનનાં પ્રથમ દિવસથી બે અથવા પાંચ વર્ષ છે.

જોકે, ઉધાર લેનારનાં લોન માફી આવરીત સમયગાળાનાં અંતિમ દિવસ પછી 10 મહિનાની અંદર ઉધાર લેનાર લોન માફી માટે અરજી ન કરે, તો લોનની ચૂકવણી ત્યારપછી મોકૂફ રાખવામાં આવતી નથી અને ઉધાર લેનારાએ લોન પર ચુકવણી કરવાનું શરૂ કરવું આવશ્યક છે. ઉદાહરણ તરીકે, 30 ઓક્ટોબર, 2020 ના રોજ આવરીત સમયગાળો સમાપ્ત થતો હોય તેવા ઉધાર લેનાર લોન પરત ચૂકવણી શરૂ થાય તે પહેલા માફી માટે અરજી કરવા 30 ઓગસ્ટ, 2021 સુધીનો સમય ધરાવે છે.

પોસ્ટ કરેલા પીપીપી લોન માફી એપ્લિકેશન ફોર્મનાં ઉપર-જમણા ખૂણામાં સમાપ્તિ તારીખ પેપરવર્ક રીડક્શન એક્ટનાં SBAના પાલનના હેતુ માટે પ્રદર્શિત કરેલ છે, અને ફોર્મનાં માન્ય ઉપયોગ માટેની અસ્થાયી સમાપ્તિ તારીખ પ્રતિબિંબિત કરે છે. આ તારીખ વધારવામાં આવશે, અને જ્યારે મંજૂરી આપવામાં આવશે, ત્યારે નવી સમાપ્તિ તારીખ સાથેનું એકસમાન ફોર્મ પોસ્ટ કરવામાં આવશે.[1]

## <u>લોન માફી પેરોલ ખર્ચાઓનાં વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQs)</u>

1. **પ્રશ્ન:** શું આવરીત સમયગાળા[2] અથવા વૈકલ્પિક પેરોલ આવરીત સમયગાળાત[3] દરમિયાન થયેલા પરંતુ આવરીત સમયગાળા અથવા વૈકલ્પિક પેરોલ આવરીત સમયગાળા પછી ચૂકવેલા પેરોલ ખર્ચાઓ લોન માફી માટે લાયક છે?

---

[1] તમામ પ્રશ્નો અને જવાબો પ્રકાશિત કર્યા 4 ઓગસ્ટ, 2020 નહીંતર અન્યથા જણાવેલું હોય. સામાન્ય લોન માફી પરનાં આવારનવાર પૂછાતા પ્રશ્નો 4 પ્રકાશિત કર્યા 13 ઓક્ટોબર, 2020.

[2] આવરીત સમયગાળો આમાંથી એક છે (1) પીપીપી લોન વિતરણ તારીખથી શરૂ થતો 24-અઠવાડિયાનો (168-દિવસો) સમયગાળો, અથવા (2) જો ઉધાર લેનારે 5 જૂન, 2020 પહેલા તેની પીપીપી લોન મેળવી હતી, તો ઉધાર લેનાર આઠ-સપ્તાહનાં (56-દિવસ) આવરીત સમયગાળાનો ઉપયોગ કરવાનું પસંદ કરી શકે છે. ઉદાહરણ તરીકે, જો ઉધાર લેનાર 24-અઠવાડિયાનાં આવરીત સમયગાળાનો ઉપયોગ કરે છે અને તેની પીપીપી લોનનાં નાણા સોમવાર, 20 એપ્રિલનાં રોજ મેળવ્યા હતા, તો આવરીત સમયગાળાનો પ્રથમ દિવસ 20 એપ્રિલ છે અને આવરીત સમયગાળાનો અંતિમ દિવસ રવિવાર, 4 ઓક્ટોબર છે. કોઇપણ પ્રસંગે આવરીત સમયગાળાને 31 ડિસેમ્બર, 2020 થી આગળ વધારી શકાતો નથી.

[3] દ્વિસાપ્તાહિક (અથવા વધારે આવૃત્તિમાં) પેરોલ શેડ્યુલ ધરાવતા ઉધાર લેનારાઓ 24-સપ્તાહનાં (168-દિવસો) સમયગાળાનો ઉપયોગ કરીને લાયક પેરોલ ખર્ચાઓની ગણતરી કરવાનું પસંદ કરી શકે છે અથવા ઉધાર લેનારની

**જવાબ:** હા, જો પેરોલ ખર્ચાઓ આવરીત સમયગાળા અથવા વૈકલ્પિત પેરોલ આવરીત સમયગાળા પછી આગામી નિયમિત પેરોલ તારીખ પર અથવા પહેલા ચૂકવ્યા હોય છે.

<u>ઉદાહરણ:</u> ઉધાર લેનારે 5 જૂન 2020 પહેલા તેની લોન મેળવી હતી અને 24-સપ્તાહનાં આવરીત સમયગાળાનો ઉપયોગ કરવાનું પસંદ કરે છે. ઉધાર લેનારનો આવરીત સમયગાળો સોમવાર, 20 એપ્રિલ થી રવિવાર, 4 ઓક્ટોબર સુધી ચાલે છે. ઉધાર લેનાર દ્વિસાપ્તાહિક પેરોલ ચક્ર ધરાવે છે, જેમાં ચૂકવણી સમયગાળો સોમવાર, 4 ઓક્ટોબરનાં રોજ સમાપ્ત થાય છે. જોકે, આગામી નિયમિત પેરોલ તારીખ 9 ઓક્ટોબર, શુક્રવાર સુધી ઉધાર લેનાર સંબંધિત પેરોલ ચૂકવણી કરશે નહીં. આ સંજોગોમાં, ઉધાર લેનારને આવરીત સમયગાળા દરમિયાન પેરોલ ખર્ચાઓ થયા હતા અને 9 ઓક્ટોબરનાં રોજ ચૂકવેલા પેરોલ ખર્ચાઓ માટે લોન માફી માંગી શકે છે કારણ કે ખર્ચ આવરીત સમયગાળા દરમિયાન થયો હતો અને ચૂકવણી આવરીત સમયગાળા પછી પ્રથમ નિયમિત પેરોલ તારીખ પર કરવામાં આવી હતી.

2. **પ્રશ્ન:** શું આવરીત સમયગાળા પહેલા થયા હતા પરંતુ આવરીત સમયગાળા દરમિયાન ચૂકવ્યા હતા તેવા પેરોલ ખર્ચાઓ લોન માફી માટે લાયક છે?

**જવાબ:** હા.

<u>ઉદાહરણ:</u> ઉધાર લેનારે 5 જૂન 2020 પહેલા તેની લોન મેળવી હતી અને 24-સપ્તાહનાં આવરીત સમયગાળાનો ઉપયોગ કરવાનું પસંદ કરે છે. ઉધાર લેનારનો આવરીત સમયગાળો સોમવાર, 20 એપ્રિલ થી રવિવાર, 4 ઓક્ટોબર સુધી ચાલે છે. ઉધાર લેનાર દ્વિસાપ્તાહિક પેરોલ ચક્ર ધરાવે છે, જેમાં પેરોલ ચક્ર શનિવાર, 18 એપ્રિલનાં રોજ સમાપ્ત થાય છે. ઉધાર લેનાર શુક્રવાર, 24 એપ્રિલ સુધી સંબંધિત પેરોલ ચૂકવણી કરશે નહીં.

---

પસંદગી પર 5 જૂન, 2020 પહેલા લોન મેળવી હોય તો માટે, આઠ-સપ્તાહનો (56-દિવસ) સમયગાળો જે તેઓની પીપીપી લોન વિતરણ તારીખ બાદ તેઓનાં પ્રથમ ચૂકવણી સમયગાળાનાં (તા.ક. "વૈકલ્પિક આવરીત સમયગાળો") પ્રથમ દિવસે શરૂ થાય છે. ઉદાહરણ તરીકે, જો ઉધાર લેનાર 24-સપ્તાહનાં વૈકલ્પિક પેરોલ આવરીત સમયગાળાનો ઉપયોગ કરે છે અને તેની પીપીપી લોનનાં નાણા સોમવાર, 20 એપ્રિલનાં રોજ મેળવ્યા હતા, અને તેની પીપીપી લોન વિતરણ બાદનાં તેનાં પ્રથમ ચૂકવણી સમયગાળાનો પ્રથમ દિવસ રવિવાર, 26 એપ્રિલ છે, તો વૈકલ્પિક પેરોલ આવરીત સમયગાળાનો પ્રથમ દિવસ 26 એપ્રિલ છે અને વૈકલ્પિક પેરોલ આવરીત સમયગાળાનો અંતિમ દિવસ શનિવાર, 10 ઓક્ટોબર છે. કોઇપણ પ્રસંગે વૈકલ્પિક પેરોલ આવરીત સમયગાળાને 31 ડિસેમ્બર, 2020 થી આગળ વધારી શકાતો નથી.

જ્યારે આ પેરોલ ખર્ચાઓ આવરીત સમયગાળા દરમિયાન થયા ન હતા, પરંતુ તેઓની ચૂકવણી આવરીત સમયગાળા દરમિયાન થઇ હતી અને તેથી લોન માફી માટે લાયક છે.

3. **પ્રશ્ન:** શું ઉધાર લેનારાઓએ આંશિક ચૂકવણી સમયગાળાઓ માટે પેરોલ ખર્ચાઓની ગણતરી કરવાની આવશ્યકતા છે?

**જવાબ:** જો ઉધાર લેનાર દ્વિસાપ્તાહિક અથવા વધારે આવૃત્તિમાં (દા.ત. સાપ્તાહિક) પેરોલ ચક્રનો ઉપયોગ કરે છે, તો ઉધાર લેનાર પીપીપી લોન મળ્યા તારીખ પછી પ્રથમ પેરોલ ચક્રનાં પ્રથમ દિવસથી શરૂ થતા (વૈકલ્પિક પેરોલ આવરીત સમયગાળા તરીકે સંદર્ભિત) આઠ-સપ્તાહ (એવા ઉધાર લેનારાઓ માટે જેઓ 5 જૂન, 2020 પહેલા તેઓની લોન મેળવી હતી અને આ આવરીત સમયગાળાની લંબાઇ પસંદ કરે છે) અથવા 24-સપ્તાહનાં સમયગાળાનો ઉપયોગ કરીને લાયક પેરોલ ખર્ચાઓની ગણતરી કરવાનું પસંદ કરી શકે છે. તેમ છતાં, જો ઉધાર લેનાર મહિનામાં બે વખત અથવા ઓછી આવૃત્તિમાં ચૂકવણી કરે છે, તો તેણે આંશિક ચૂકવણી સમયગાળાઓ માટે પેરોલ ખર્ચાઓની ગણતરી કરવાની જરૂર પડશે. કોઇપણ ઉધાર લેનાર માટે આવરીત સમયગાળો અથવા વૈકલ્પિક આવરીત સમયગાળો 31 ડિસેમ્બર, 2020 થી મોડા સમાપ્ત થશે નહીં.

ઉદાહરણ: ઉધાર લેનાર દ્વિસાપ્તાહિક પેરોલ ચક્રનો ઉપયોગ કરે છે. ઉધાર લેનારનો 24-સપ્તાહનો આવરીત સમયગાળો સોમવાર, 1 જૂન થી શરૂ થાય છે અને રવિવાર, 15 નવેમ્બરનાં રોજ સમાપ્ત થાય છે. આવરીત સમયગાળામાં શરૂ થતા ઉધાર લેનારનાં પ્રથમ પેરોલ ચક્રનો પ્રથમ દિવસ 7 જૂન છે. ઉધાર લેનાર વૈકલ્પિક પેરોલ આવરીત સમયગાળો પસંદ કરી શકે છે જે 7 જૂનનાં રોજ શરૂ થતો હોય અને 21 નવેમ્બરનાં રોજ સમાપ્ત થતો હોય (167 દિવસો બાદ). વૈકલ્પિક પેરોલ આવરીત સમયગાળા દરમિયાન થયેલા પેરોલ ખર્ચાઓ (દા.ત. તે દિવસ પર મળેલી ચૂકવણી) લોન માફી માટે લાયક છે જો અંતિમ ચૂકવણી 21 નવેમ્બર બાદ પ્રથમ નિયમિત પેરોલ તારીખ પર અથવા પહેલા કરવામાં આવી હોય.

4. **પ્રશ્ન:** રોકડ વળતરની ગણતરી કરવાનાં હેતુઓ માટે, શું ઉધાર લેનારાઓએ કરવેરાઓ, કર્મચારી લાભ ચૂકવણીઓ અને તેનાં જેવી બીજી ચૂકવણીઓ માટેની કપાતો પહેલાની ગ્રોસ રકમનો ઉપયોગ કરવો જોઇએ અથવા કર્મચારીને ચૂકવેલી નેટ રકમનો ઉપયોગ કરવો જોઇએ?

   **જવાબ:** રોકડ વળતરની ગણતરી કરતી વખતે કુલ રકમનો ઉપયોગ કરવો જોઇએ.

5. **પ્રશ્ન:** શું લોન માફી દ્વારા માત્ર પગાર કે વેતનો જ આવરી લેવામાં આવે છે, અથવા ઉધાર લેનાર ગુમાવેલી ટિપ્સ, ગુમાવેલા કમિશનો, બોનસ, કે અન્ય સ્વરૂપની ઇન્સેન્ટીવ ચૂકવણીઓ કરી શકે છે અને આવા ખર્ચાઓ લોન માફી માટે લાયક બની શકે છે?

   **જવાબ:** પેરોલ ખર્ચાઓમાં કર્મચારીઓને ચૂકવેલા તમામ સ્વરૂપનાં રોકડ વળતરોનો સમાવેશ થાય છે, ટિપ્સ, કમિશનો, બોનસ અને જોખમ ચૂકવણી સહિત. નોંધ લેવી કે માફી યોગ્ય રોકડ વળતર પ્રતિ કર્મચારી વાર્ષિક આધાર પર $100,000 પૂરતી મર્યાદિત છે.

6. **પ્રશ્ન:** લોન માફી માટે લાયક હોય તેવા ક્યાં જૂથ આરોગય સંભાળ લાભો માટેનાં ખર્ચાઓને પેરોલ ખર્ચાઓ તરીકે ગણવામાં આવશે?

   **જવાબ:** આવરીત સમયગાળા અથવા વૈકલ્પિક પેરોલ આવરીત સમયગાળા દરમિયાન ઉધાર લેનાર દ્વારા ચૂકવેલા અથવા થયેલા કર્મચારી જૂથ આરોગ્ય સંભાળ લાભો માટેનાં નોકરીપ્રદાતાનાં ખર્ચાઓ લોન માફી માટે લાયક છે. જોકે, કરવેરા-પૂર્વે અથવા કરવેરા બાદ કર્મચારીઓ (અથવા પ્લાનનાં લાભાર્થીઓ) દ્વારા ચૂકવવામાં આવેલા જૂથ આરોગ્ય સંભાળ માટેનાં ખર્ચાઓનો પેરોલ ખર્ચાઓમાં સમાવેશ થતો નથી, જેમ કે કર્મચારીઓનો તેઓનાં આરોગ્ય સંભાળ પ્રીમિયમમાં હિસ્સો. આવરીત સમયગાળ ાઅ્થવા વૈકલ્પિક પેરોલ આવરીત સમયગાળા બહારનાં સમયગાળામાંથી ઉઠાવેલા જૂથ આરોગ્ય લાભો માટેનાં ખર્ચાઓ માટે માફી પ્રદાન કરવામાં આવતી નથી.

   જો ઉધાર લેનાર વીમીત જૂથ આરોગ્ય પ્લાન ધરાવતા હોય, આવરીત સમયગાળા અથવા વૈકલ્પિક પેરોલ આવરીત સમયગાળા દરમિયાન વીમા પ્રીમિયમો ચૂકવેલા અથવા થયેલા હોય તો "પેરોલ ખર્ચાઓ" તરીકે લાયક બને થે, શરત એટલી છે કે પ્રીમિયમો લાગું પડતા સમયગાળા દરમિયાન ચૂકવ્યા હોય અથવા લાગું પડતા સમયગાળા પછી આગામીન

પ્રીમિયમની બાકી તારીખ સુધીમાં ચૂકવ્યા હોય. નોંધ કર્યા અનુસાર, લાગું પડતા આવરીત સમયગાળા અથવા વૈકલ્પિક પેરોલ આવરીત સમયગાળા દરમિયાન કવરેજ માચે ઉધાર લેનાર દ્વારા ચૂકવેલા પ્રીમિયમોનો હિસ્સો જ સમાવવામાં આવે છે, કર્મચારીઓ કે લાભાર્થીઓ દ્વારા ચૂકવેલા કોઇપણ હિસ્સાને કે લાગું પડતા સમયગાળા બહારનાં સમયગાળા માટે કવરેજ માટે ચૂકવેલા કોઇપણ હિસ્સાનો સમાવેશ થતો નથી. લોન માફી પેરોલ ખર્ચાઓ FAQ 8 એવા નિયમો રૂપરેખાંકિત કરે છે જે માલિક આરોગ્ય વીમાને લાગું પડે છે.

7. **પ્રશ્ન:** લોન માફી માટે લાયક હોય તેવા ક્યાં નિવૃત્તિ લાભો માટેનાં યોગદાનોને પેરોલ ખર્ચાઓ તરીકે ગણવામાં આવશે?

   **જવાબ:** સામાન્ય રીતે, આવરીત સમયગાળા અથવા વૈકલ્પિક પેરોલ આવરીત સમયગાળા દરમિયાન ઉધાર લેનાર દ્વારા ચૂકવેલા અથવા થયેલા કર્મચારી નિવૃત્તિ લાભો માટેનાં નોકરીપ્રદાતાનાં યોગદાનો લોન માફી માટે "પેરોલ ખર્ચાઓ" તરીકે લાયક છે. પેરોલ ખર્ચાઓ તરીકે લોન માફી રકમમાં સામેલ કરવામાં આવતા નિવૃત્તિ લાભો માટેનાં નોકરીપ્રદાતાનાં યોગદાનો કર્મચારીઓની ચૂકવણીઓમાંથી કાપી લેવામાં આવેલા કોઇપણ નિવૃત્તિ યોગદાનો અથવા અન્યથા કર્મચારીઓ દ્વારા કરવામાં આવેલી ચૂકવણીઓને સામેલ કરી શકે નહીં. આવરીત સમયગાળા અથવા વૈકલ્પિક આવરીત સમયગાળા બહારનાં સમયગાળામાંથી ઉઠાવેલા નિવૃત્તિ લાભો માટેનાં નોકરીપ્રદાતાનાં યોગદાનો માટે માફી પ્રદાન કરવામાં આવતી નથી. લોન માફી પેરોલ ખર્ચાઓ FAQ 8 માલિકો માટે સારવાર અથવા નિવૃત્તિ લાભો રૂપરેખાંકિત કરે છે, જેઓ આ સામાન્ય અભિગમથી ભિન્ન છે.

8. **પ્રશ્ન:** લોન માફી માટે લાયક માલિક વળતરની રકમને કેવી રીતે નક્કી કરવામાં આવે છે?

   **જવાબ:** તેઓનાં વ્યાપાર પર કાર્ય કરતા માલિકોનાં વળતરની રકમ કે જે માફી માટે લાયક હોય ત વ્યાપારનાં પ્રકાર પર અને ઉધાર લેનાર આઠ-સપ્તાહનાં અથવા 24-સપ્તાહનાં આવરીત સમયગાળાનો ઉપયોગ કરે છે તેનાં પર આધાર રાખે છે. નીચે વર્ણવેલી અમુક ચોક્કસ ટોચ-મર્યાદાઓ ઉપરાંત, માલિક-કર્મચારીઓ અને સ્વ-રોજગાર વ્યક્તિઓનાં પેરોલ વળતર માટે વિનંતી કરેલી લોન માફીની રકમને તે અથવા તેણી માલિકી હિત ધરાવતા હોય તેવા તમામ વ્યાપારોમાં કુલમાં વ્યક્તિ દીઠ $20,833 પર ટોચ-મર્યાદા કરેલી છે. 5 જૂન, 2020 પહેલા પીપીપી લોન મેળવી હોય અને આઠ-સપ્તાહનાં આવરીત સમયગાળાનો

ઉપયોગ કરવાનું પસંદ કરતા હોય તેવા ઉધાર લેનારાઓ માટે આ ટોચ-મર્યાદા $15,385 છે. જો પીપીપી લોન મેળવતા સમગ્ર વ્યાપારોમાં તેઓનું કુલ વળતર ટોચ-મર્યાદાથી વધી જાય છે, તો માલિકો વિભિન્ન વ્યાપારોમાં ટોચ-મર્યાદાની રકમની ફાળવણી કેવી રીતે કરવી તે પસંદ કરી શકે છે. નીચેનાં ઉદાહરણો 24-સપ્તાહનાં આવરીત સમયગાળાનો ઉપયોગ કરતા ઉધાર લેનાર માટે છે.

<u>C કોર્પોરેશનો</u> માલિક તરીકે વ્યાખ્યાયિત જે કર્મચારી પણ હોય તેવા C- કોર્પોરેશન માલિક-કર્મચારનાં (જ્યાં માલિક એકમાત્ર કર્મચારી હોય તે સહિત) કર્મચારી રોકડ વળતર અન્ય તમામ કર્મચારીઓ તરીકે વ્યાખ્યાયિત રોકડ વળતર સાથે તેનાં તેણીનાં 2019 નાં કર્મચારી રોકડ વળતરનાં 2.5/12 સુધીની રકમ લોન માફી માટે લાયક છે. ઉધાર લેનાર દ્વારા ચૂકવવામાં આવેલા અને તેઓનાં વળતર પર આકારણી કરવામાં આવેલા નોકરીપ્રદાતાનાં સ્ટેટ અને લોકલ કરવેરાઓ માટે, તેઓનાં કર્મચારી આરોગ્ય વીમા માટેનાં નોકરીપ્રદાતાનાં યોગદાનો માટે ઉધાર લેનાર દ્વારા ચૂકવવામાં આવેલી રકમો માટે, અને 2019 નોકરીપ્રદાતા નિવૃત્તિ યોગદાનનાં 2.5/12 ની રકમ પર ટોચ-મર્યાદાનાં તેઓનાં કર્મચારી નિવૃત્તિ પ્લાનો તરફ નોકરીપ્રદાતાનાં નિવૃત્તિ યોગદાનો માટેની ચૂકવણીઓ માટે લોન માફી માટે પણ ઉધાર લેનાર લાયક છે. રોકડ વળતર સિવાયની ચૂકવણીઓને લોન માફી અરજી (SBA ફોર્મ 3508 અથવા ઉધાર આપનારને સમતુલ્ય) નાં પીપીપી શેડ્યુલ A ની લાઇનો 6-8 પર સામેલ કરવી જોઇએ, તે ફોર્મનો ઉપયોગ કરનારા ઉધાર લેનારાઓ માટે, અને $20,833 પ્રતિ વ્યક્તિની ટોચ-મર્યાદા ગણવાની રહેતી નથી.

<u>S કોર્પોરેશનો:</u> માલિક તરીકે વ્યાખ્યાયિત જે કર્મચારી પણ હોય તેવા S- કોર્પોરેશન માલિક-કર્મચારનાં કર્મચારી રોકડ વળતર અન્ય તમામ કર્મચારીઓ તરીકે વ્યાખ્યાયિત રોકડ વળતર સાથે તેઓનાં 2019 નાં કર્મચારી રોકડ વળતરનાં 2.5/12 સુધીની રકમ લોન માફી માટે લાયક છે. ઉધાર લેનાર દ્વારા ચૂકવવામાં આવેલા અને તેઓનાં વળતર પર આકારણી કરવામાં આવેલા નોકરીપ્રદાતાનાં સ્ટેટ અને લોકલ કરવેરાઓ માટે, અને 2019 નોકરીપ્રદાતા નિવૃત્તિ યોગદાનનાં 2.5/12 ની રકમ પર ટોચ-મર્યાદાનાં તેઓનાં કર્મચારી નિવૃત્તિ પ્લાનો તરફ નોકરીપ્રદાતાનાં નિવૃત્તિ યોગદાનો માટેની ચૂકવણીઓ માટે લોન માફી માટે પણ ઉધાર લેનાર લાયક છે. વ્યાપારમાં ઓછામાં ઓછા 2% હિસ્સો ધરાવતા S-કોર્પોરેશન કર્મચારીઓ માટે આરોગ્ય વીમા માટે નોકરીપ્રદાતાનાં યોગદાનો વધારાની માફી માટે લાયક નથી, 26 U.S.C. 318 નાં ફેમિલી એટ્રિબ્યુશન રુલ્સ હેઠળ ઓછામાં ઓછી

2% માલિકનાં પરિવારનાં સભ્યો હોય તેવા કર્મચારીઓ સહિત, કારણ કે તે યોગદાનો રોકડ વળતરમાં સમાવેશ કરવામાં આવેલા હોય છે. લાયક બિન-રોકડ વળતર ચૂકવણીઓને લોન માફી અરજી (SBA ફોર્મ 3508) નાં પીપીપી શેડ્યુલ A ની લાઇનો 7 અને 8 પર સામેલ કરવી જોઇએ, તે ફોર્મનો ઉપયોગ કરનારા ઉધાર લેનારાઓ માટે, અને $20,833 પ્રતિ વ્યક્તિની ટોચ-મર્યાદા ગણવાની રહેતી નથી.

<u>સ્વ-રોજગાર શેડ્યુલ C (અથવા શેડ્યુલ F) ફાઇલ કરનારાઓ:</u> સ્વ-રોજગાર શેડ્યુલ C (અથવા શેડ્યુલ F) વ્યક્તિઓનું વળતર, સંપૂર્ણ માલિકો, સ્વ-રોજગાર વ્યક્તિઓ, અને સ્વતંત્ર ઠેકેદારો સહિત, જે લોન માફી માટે લાયક હોય તે "પેચેક પ્રોટેક્શન પ્રોગ્રામ" નાં પ્રશ્ન 10 માં સંગર્ભિત IRS ફોર્મ 1040 શેડ્યુલ C લાઇન 31 પર રીપોર્ટ કરવામાં આવ્યા અનુસારનાં 2019 નાં નેટ ફાયદાનાં 2.5/12 (અથવા 2019 નેટ ફાર્મ ફાયદાનાં 2.5/12, IRS ફોર્મ 1040 શેડ્યુલ F લાઇન 24 પર રીપોર્ટ કર્યા અનુસાર) (અથવા નવા વ્યાપારો માટે, અંદાજીત 2020 શેડ્યુલ C (અથવા શેડ્યુલ F) પર મર્યાદિત છે. મહત્તમ લોનના રકમની ગણતરી કેવી રીતે કરવી - વ્યવસાયના પ્રકાર દ્વારા"[4]). આરોગ્ય વીમો, નિવૃત્તિ, અથવા સ્ટેટ કે લોકલ કરવેરાઓ માટેની અલગ ચૂકવણીઓ વધારાની લોન માફી માટે લાયક નથી; આરોગ્ય વીમો અને નિવૃત્તિ ખર્ચાઓ તેઓની નેટ સ્વ-રોજગાર આવકમાંથી ચૂકવવામાં આવે છે. જો ઉધાર લેનારે પ્રારંભમાં લોન માટે અરજી કરતી વખતે તેનું 2019 IRS ફોર્મ 1040 શેડ્યુલ C (અથવા F) ઉધાર આપનાર પાસે જમા કરાવ્યું ન હતું, તો તેને ઉધાર લેનારની માફી અરજી સાથે સામેલ કરવું અનિવાર્ય છે.

<u>સામાન્ય ભાગીદારો:</u> લોન માફી માટે લાયક સામાન્ય ભાગીદારોનું વળતર સ્વ-રોજગારમાં તેઓની 2019 ની નેટ આવકોનાં 2.5/12 પૂરતી મર્યાદિત છે જે સ્વ-રોજગાર કરવેરાને આધિન હોય છે, જેની ગણતરી 2019 IRS ફોર્મ 1065 શેડ્યુલ K-1 બોક્સ 14a (જેમાંથી બાદ કરવામાં આવે છે બોક્સ 12 સેક્શન 179 ખર્ચ કપાત, ભરપાઇન ન કરવામાં આવેલા તેઓનાં IRS ફોર્મ 1040 શેડ્યુલ SE પર કાપેલા ભાગીદારી ખર્ચાઓ, અને ઓઇલ અને ગેસ સંપત્તિઓ પર દાવો કરવામાં આવેલા અવક્ષય) ગુણ્યા 0.9235 પરથી કરવામાં આવે છે.[5]

[4] https://www.sba.gov/sites/default/files/2020-06/How-to-Calculate-Loan-Amounts-508_1.pdf.

[5] આ સારવાર IRS ફોર્મ 1040 શેડ્યૂલ SE કલમ A લાઇન 4માંના સ્વ-રોજગાર કરની ગણતરીને અનુસરે છે અને ભાગીદારીમાં કર્મચારીઓ માટેના પેરોલ ખર્ચાઓ કેવી રીતે નક્કી કરવામાં આવે છે તેની સાથે સુસંગત, સ્વ રોજગાર કરના "નિયોક્તા"ના શેરને કાઢી નાખે છે.

લોન માફી માટે વળતર તો જ લાયક છે જો સાથીદારોને ચૂકવણીઓ આવરીત સમયગાળા અથવા વૈકલ્પિક પેરોલ આવરીત સમયગાળા દરમિયાન કરવામાં આવે છે. આરોગ્ય વીમા, નિવૃત્તિ, અથવા સ્ટેટ અથવા લોકલ કરવેરાઓ માટેની અલગ ચૂકવણીઓ વધારાની લોન માફી માટે લાયક નથી. જો પાર્ટનરશીપ લોન માટે પ્રારંભમાં અરજી કરતી વખતે તેનું 2019 IRS ફોર્મ 1065 K-1s ન કરે, તો તેને પાર્ટનરશીપની માફી અરજી સાથે સામેલ કરવું અનિવાર્ય છે.

<u>એલએલસી માલિકો:</u> એલએલસી માલિકોએ એ સૂચનાઓનું પાલન કરવું અનિવાર્ય છે જે કરવેરા વર્ષ 2019 માટે કરવેરા ફાઇલિંગનાં હેતું માટે તેઓનાં વ્યાપારને કેવી રીતે આયોજીત કરવામાં આવ્યો તેને લાગું પડતી હોય અથવા જો વ્યાપાર નવો હોય, તો 2020 માટે અપેક્ષિત કરવેરા ફાઇલિંગ પરિસ્થિતિને લાગું પડતી હોય.

## <u>લોન માફી નોનપેરોલ ખર્ચાઓનાં વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQs)</u>

1. **પ્રશ્ન:** શું આવરીત સમયગાળા પહેલા થયા હતા પરંતુ આવરીત સમયગાળા દરમિયાન ચૂકવ્યા હતા તેવા નોનપેરોલ ખર્ચાઓ લોન માફી માટે લાયક છે?

   **જવાબ:** હા, આવરીત સમયગાળા પહેલા થયેલા અને આવરીત સમયગાળા દરમિયાન ચૂકવેલા લાયક વ્યાપાર મોર્ગેજ વ્યાજ ખર્ચાઓ, લાયક વ્યાપાર રેન્ટ અથવા લીઝ ખર્ચાઓ, અને લાયક વ્યાપાર વપરાશ ખર્ચાઓ લોન માફી માટે લાયક છે.

   <u>ઉદાહરણ:</u> ઉધાર લેનારનો 24-સપ્તાહનો આવરીત સમયગાળો 20 એપ્રિલ થી 4 ઓક્ટોબર સુધી ચાલે છે. 4 મે પર, ઉધાર લેનાર એપ્રિલ માટેનું તેનું વિજળીનું બિલ મેળવે છે. ઉધાર લેનાર તેનું એપ્રિલનું વિજળીનું બિલ 8 મે નાં રોજ ચૂકવે છે. વિજળી બિલનાં ખર્ચાનો એક હિસ્સો આવરીત સમયગાળા પહેલા થયો હોવા છતાં, આ વિજળીનાં ખર્ચાઓ લોન માફી માટે લાયક છે કારણ કે તેઓને આવરીત સમયગાળા દરમિયાન ચૂકવવામાં આવ્યા હતા.

2. **પ્રશ્ન:** શું આવરીત સમયગાળા દરમિયાન થયા હતા પરંતુ આવરીત સમયગાળા બાદ ચૂકવ્યા હતા તેવા નોનપેરોલ ખર્ચાઓ લોન માફી માટે લાયક છે?

   **જવાબ:** નોનપેરોલ ખર્ચાઓ લોન માફી માટે લાયક છે જો તેઓ આવરીત સમયગાળા દરમિયાન થયા હતા અને બિલની તારીખ આવરીત સમયગાળા પછી હોવા છતાં આગામી

નિયમિત બિલની તારીખ પર અથવા પહેલા ચૂકવવામાં આવ્યા હતા.

<u>ઉદાહરણ:</u> ઉધાર લેનારનો 24-સપ્તાહનો આવરીત સમયગાળો 20 એપ્રિલ થી 4 ઓક્ટોબર સુધી ચાલે છે. 6 ઓક્ટોબર પર, ઉધાર લેનાર સપ્ટેમ્બર માટેનું તેનું વિજળીનું બિલ મેળવે છે. ઉધાર લેનાર તેનું સપ્ટેમ્બરનુંનું વિજળીનું બિલ 16 ઓક્ટોબરનાં રોજ ચૂકવે છે. આ વિજળીનાં ખર્ચાઓ લોન માફી માટે લાયક છે કારણ કે તેઓ આવરીત સમયગાળા દરમિયાન થયા હતા અને બિલની તારીખ આગામી નિયમિત બિલની તારીખ (6 નવેમ્બર) પર અથવા પહેલા ચૂકવવામાં આવ્યા હતા.

3. **પ્રશ્ન:** જો ઉધાર લેનાર પેરોલ ખર્ચાઓ માટે વૈકલ્પિક પેરોલ આવરીત સમયગાળનો ઉપયોગ કરવાનું પસંદ કરે છે, તો શું વૈકલ્પિક પેરોલ આવરીત સમયગાળો નોનપેરોલ ખર્ચાઓ માટે લાગું પડે છે?

   **જવાબ:** ના. વૈકલ્પિક પેરોલ આવરીત સમયગાળો માત્ર પેરોલ ખર્ચાઓને લાગું પડે છે, નોનપેરોલ ખર્ચાઓને લાગું પડતો નથી. આવરીત સમયગાળો હંમેશા ઉધાર આપનાર પીપીપી લોન આપે તે તારીખથી શરૂ થાય છે. લોન માફી માટે નોનપેરોલ ખર્ચાઓ આવરીત સમયગાળા દરમિયાન ચૂકવ્યા અથવા થયા હોવા અનિવાર્ય છે. માત્ર પેરોલ ખર્ચાઓ માટે, ઉધાર લેનાર તેનાં દ્વિસાપ્તાહિત અથવા વધારે આવૃત્તિનાં પેરોલ સમયપત્રક સાથે એલાઇન કરવા માટે વૈકલ્પિક પેરોલ આવરીત સમયગાળાનો ઉપયોગ કરવાનું પસંદ કરી શકે છે.

4. **પ્રશ્ન:** શું અસુરક્ષિત ક્રેડિટ પરનું વ્યાજ લોન માફી માટે લાયક છે?

   **જવાબ:** ના. વાસ્તવિક અથવા વ્યક્તિગત સંપત્તિ પરનાં વ્યાપારનાં મોર્ગેજ (જેમ કે ઑટો લોન) પરનાં વ્યાજની ચૂકવણીઓ લોન માફી માટે લાયક છે. અસુરક્ષિત ક્રેડિટ પરનું વ્યાજ લોન માફી માટે લાયક નથી કારણ કે લોન વાસ્તવિક અથવા વ્યક્તિગત સંપત્તિથી સુરક્ષિત થયેલી નથી. જોકે 15 ફેબ્રુઆરી, 2020 પહેલા અસુરક્ષિત ક્રેડિટ પર થયેલા વ્યાજને પીપીપી લોન આવક માટે ઉપયોગ કરવાની પરવાનગી છે, પરંતુ આ ખર્ચ માફી માટે લાયક નથી.

5. **પ્રશ્ન:** તાજેતરમાં રીન્યૂ કરેલા ભાડાઓ પર કરેલી ચૂકવણીઓ અથવા ફરીથી ફાઇનાન્સ કરેલી મોર્ટગેજ લોન પર વ્યાજની ચૂકવણીઓ લોન માફી માટે લાયક છે જો મૂળ ભાડું અથવા મોર્ગેજ 15 ફેબ્રુઆરી, 2020 પહેલા પ્રવર્તમાન હતું?

   **જવાબ:** હા. જો 15 ફેબ્રુઆરી, 2020 પહેલા પ્રવર્તમાન ભાડું 15 ફેબ્રુઆરી, 2020 પર અથવા પછી સમાપ્ત થતું હોય અને રીન્યૂ કરવામાં આવે છે, તો આવરીત સમયગાળા દરમિયાન રીન્યી કરેલા ભાડા મુજબ કરેલી ભાડા ચૂકવણીઓ લોન માફી માટે લાયક છે. તેવી જ રીતે, 15 ફેબ્રુઆરી, 2020 પહેલા પ્રવર્તમાન વાસ્તવિક અથવા વ્યક્તિગત સંપત્તિ પરની મોર્ગેજ લોનને 15 ફેબ્રુઆરી, 2020 નાં રોજ અથવા પછી ફરીથા ફાઇનાન્સ કરવામાં આવે છે, તો આવરીત સમયગાળા દરમિયાન ફરીથી ફાઇનાન્સ કરેલી મોર્ગેજ લોન પરની વ્યાજની ચૂકવણીઓ લોન માફી માટે લાયક છે.

   ઉદાહરણ: ઉધાર લેનાર માર્ચ 2015 માં તેની રીટેઇલ જગ્યા માટે પાંચ-વર્ષનાં ભાડામાં દાખલ થયા હતા. આ ભાડાને માર્ચ 2020 માં રીન્યૂ કરવામાં આવ્યું હતું. ઉધાર લેનારની પીપીપી લોનની માફી નક્કી કરવાનાં હેતુઓ માટે, માર્ચ 2020 માં રીન્યૂ કરેલા ભાડાને મૂળ ભાડાનાં વિસ્તૃતિકરણ તરીકે ગણવામાં આવે છે, જે 15 ફેબ્રુઆરી, 2020 પહેલા અમલમાં હતું. પરિણામે, આવરીત સમયગાળા દરમિયાન રીન્યૂ કરેલા ભાડા હેઠળ કરવામાં આવેલી ભાડા ચૂકવણીઓ લોન માફી માટે લાયક છે.

6. **પ્રશ્ન:** માફી માટે લાયક આવરીત વપરાશની ચૂકવણીઓ, CARES એક્ટ અંતર્ગત "...પરિવહનનાં વિતરણ માટેની સેવા માટેની ચૂકવણી" સમાવે છે. આ વર્ગીકરણમાં કયાં ખર્ચાઓનો સમાવેશ થાય છે?

   **જવાબ:** પરિવહનનાં વિતરણ માટેની સેવા સ્ટેટ અને લોકલ સરકારો દ્વારા આકારવામાં આવેલી પરિવહન વપરાશ ફી સંદર્ભિત કરે છે. ઉધાર લેનાર દ્વારા આવી ફી માટેની ચૂકવણી લોન માફી માટે લાયક છે.[6]

7. **પ્રશ્ન:** શું વિજળી પૂરવઠા ચાર્જીસ લોન માફી માટે લાયક છે જો તેઓને વિજળી વિતરણ ચાર્જીસથી અલગ રીતે ચાર્જ કરવામાં આવ્યા હોય?

[6]પરિવહન વપરાશ ફી પર વધુ માહિતી માટે, જુઓ https://www.fhwa.dot.gov/ipd/value_capture/defined/transportation_utility_fees.aspx.

**જવાબ:** હા. સમગ્ર વિજળીનું બિલ લોન માફી માટે લાયક છે (ચાર્જીસ અલગ રીતે પાવતીમાં મોકલ્યા હોય તો પણ), પૂરવઠા ચાર્જીસ, વિતરણ ચાર્જીસ, અને ગ્રોસ રસીદ કરવેરાઓ જેવા અન્ય ચાર્જીસ સહિત.

**લોન માફી ઘટાડાઓનાં વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQs)**

1. **પ્રશ્ન:** શું ઉધાર લેનારે એક અથવા વધારે છૂટા કરવામાં આવેલા કર્મચારીને ફરીથી નોકરી પર રાખવા ઑફર કરી હતી પરંતુ કર્મચારીઓએ અસ્વિકાર કર્યો હતો તો આવરીત સમયગાળા દરમિયાન FTE કર્મચારીઓમાં ઘટાડાને કારણે ઉધાર લેનાર તેની માફીની રકમનાં ઘટાડાને આધીન હશે?

   **જવાબ:** તેની લોન માફી રકમની ગણતરીમાં, ઉધાર લેનાર FTE કર્મચારીઓમાં કોઇપણ ઘટાડાને બાકાત કરી શકે છે જો ઉધાર લેનાર સારા વિશ્વાસમાં નીચેની બાબતો દસ્તાવેજીત કરવા સક્ષમ હોય: (1) 15 ફેબ્રુઆરી, 2020 નાં રોજ ઉધાર લેનારનાં કર્મચારી હતા તેવા વ્યક્તિઓને ફરીથી નોકરી પર રાખવાની અસક્ષમતા અને (2) 31 ડિસેમ્બર 2020 નાં રોજ અથવા પહેલા ખાલી સ્થાનો માટે એકસમાન લાયકાત ધરાવતા કર્મચારીઓને નોકરી પર રાખવા માટે અસક્ષમતા. ઉધાર લેનારાઓએ કોઉપણ કર્મચારીઓ દ્વારા ફરીથી નોકરી પર રાખવાની ઑફરનો અસ્વિકાર કર્યા અંગે કર્મચારી દ્વારા ઑફરનો અસ્વિકાર કર્યાનાં 30 દિવસોની અંદર લાગું પડતા સ્ટેટનાં બેરોજગાર વીમા કચેરીમાં જાણ કરવાની આવશ્યકતા રહે છે. આ મૂક્તિ સાથે અનુપાલનમાં હોવાનું દર્શાવવા માટે ઉધાર લેનારાઓએ જાળવવા જરૂરી દસ્તાવેજોમાં વ્યક્તિને ફરીથી નોકરી પર રાખવા માટેની લેખિત ઑફર, ઑફરનાં અસ્વિકારનો લેખિત રેકોર્ડ, અને તેનાં જેવી લાયકાત ધરાવતા વ્યક્તિને નોકરી પર રાખવાનાં પ્રયાસોનાં લેખિત રેકોર્ડનો સમાવેશ થાય છે.

2. **પ્રશ્ન:** જો કોઇ સીઝનલ નોકરીપ્રદાતા તેની મહત્તમ પીપીપી લોન રકમની ગણતરી કરવા 1 મે, 2019 અને 15 સપ્ટેમ્બર, 2019 વચ્ચેનાં 12-સપ્તાહનાં સમયગાળનો ઉપયોગ કરવાનું પસંદ કરે છે, તો લોન માફી રકમમાં કોઇપણ ઘટાડાઓની ગણતરી કરવા માટે 2019 માં કયાં સમયગાળાનો સંદર્ભ સમયગાળા તરીકે ઉપયોગ કરવો જોઇએ?

**જવાબ:** કોઇ સીઝનલ નોકરીપ્રદાતા તેની મહત્તમ પીપીપી લોન રકમની ગણતરી કરવા 1 મે, 12 અને 15 સપ્ટેમ્બર, 2019 વચ્ચેનાં 12-સપ્તાહનાં સમયગાળનો ઉપયોગ કરવાનું પસંદ કરે છે, તો તેણે લોન માફી રકમમાં કોઇપણ ઘટાડાઓની ગણતરી કરવા માટે એકસમાન 12-સપ્તાહનાં સમયગાળાનો સંદર્ભ સમયગાળા તરીકે ઉપયોગ કરવો અનિવાર્ય છે.

3. **પ્રશ્ન:** લોન માફી અરજી (SBA ફોર્મ 3508, અથવા ઉધાર આપનારને સમતુલ્ય) પર પીપીપી શેડ્યુલ A વર્કશીટનાં કોષ્ટક 1 માં FTE ઘટાડા મૂક્તિઓની ગણતરી કરતી વખતે, શું ઉધાર લેનારાઓ એવા કર્મચારીઓને સામેલ કરે છે જેઓએ 2019 માં $100,000 કરતા વધારે મેળવ્યા હતા (પીપીપી શેડ્યુલ A વર્કશીટનાં કોષ્ટક 2 માં યાદીગત કરેલા)?

   **જવાબ:** હા. FTE ઘટાડા મૂક્તિઓ તમામ કર્મચારીઓને લાગું પડે છે, માત્ર લોન માફી અરજી (SBA ફોર્મ 3508 અથવા ઉધાર આપનારને સમતુલ્ય) નાં કોષ્ટક 1 માં યાદીગત કરેલા લોકોને જ પૂરતું જ નથી. તેથી ઉધાર લેનારાઓએ એવા કર્મચારીઓનો સમાવેશ કરવો જોઇએ જેઓએ પીપીપી શેડ્યુલ A વર્કશીટનાં કોષ્ટક 1 માં FTE ઘટાડા મૂક્તિમાં $100,000 કરતા વધારે બનાવ્યા હતા.

4. **પ્રશ્ન:** ઉધાર લેનારાઓ કર્મચારી પગાર અથવા કલાકનાં વેતનમાં ઘટાડાઓથી ઉદ્ભવતી તેઓની લોન માફી કરમમાં ઘટાડાની ગણતરી કેવી રીતે કરે છે?

   **જવાબ:** આવરીત સમયગાળા અથવા વૈકલ્પિક પેરોલ આવરીત સમયગાળા દરમિયાન અમુક ચોક્કસ ચૂકવણી ઘટાડાઓ ઉદાર લેનાર મેળવશે તો લોન માફીની રકમમાં ઘટાડો કરી શકે છે. જો કોઇ આવરીત કર્મચારીનો પગાર અથવા કલાકનાં વેતનમા[7] આવરીક સમયગાળા અથવા વૈકલ્પિક પેરોલ આવરીત સમયગાળા દરમિયાન 25% કરતા વધારે ઘટાડો કરવામાં આવ્યો હતો, તો 25% કરતા વધારે ભાગ લાયક માફી રકમ ઘટાડે છે અન્યથા જો ઉધાર લેનાર પગાર/કલાકનાં વેતનનાં ઘટાડાનો સુરક્ષિત

[7] "આવરીત કર્મચારી" એવી વ્યક્તિ છે જે: (1) આવરીત સમયગાળા અથવા વૈકલ્પિક પેરોલ આવરીત સમયગાળા દરમિયાન કોઉપણ બિંદુ પર ઉધાર લેનાર દ્વારા નોકરી પર રાખેલા હતા અને જેનું મુખ્ય નિવાસનું સ્થળ યુનાઇટેડ સ્ટેટ્સમાં હોય, અને (2) 2019 માં તમામ ચૂકવણી સમયગાળાઓ માટે $100,000 કરતા ઓછા અથવા સમતુલ્ય વાર્ષિક દર પર ઉધાર લેનાર પાસેથી વળતર મેળવ્યું હતું અથવા 2019 માં કોઇપણ બિંદુ પર ઉધાર લેનાર દ્વારા નોકરી પર રાખેલા ન હતા,

હાર્બર સંતોષતા હોય (લોન માફી અરજી (SBA ફોર્મ 3508 અથવા ઉધાર આપનારને સલમતુલ્ય) માં વર્ણવ્યા અનુસાર). નીચેના ઉદાહરણો ધારણા કરે છે કે દરેક કર્મચારી "આવરીત કર્મચારી" છે.

<u>ઉદાહરણ 1:</u> ઉધાર લેનારે 5 જૂન 2020 પહેલા તેની પીપીપી લોન મેળવી હતી અને આઠ-સપ્તાહનાં આવરીત સમયગાળાનો ઉપયોગ કરવાનું પસંદ કર્યું હતું. તેનાં પૂર્ણ-કાલિન કર્મચારીની ચૂકવણીમાં આવરીત સમયગાળા દરમિયાન 23 એપ્રિલ, 2020 નાં રોજ $52,000 પ્રતિ વર્ષથી ઘટાડીને $36,400 કરવામાં આવી હતી અને 31 ડિસેમ્બર, 2020 પુનઃસ્થાપિત કરવામાં આવી ન હતી, કર્મચારીએ 1.0 પૂર્ણ-કાલિન સમતુલ્યતા (FTE) સાથે પૂર્ણ-કાલિન આધાર પર કામ કરવાનું ચાલું રાખ્યું હતું. ઉધાર લેનારે પીપીપી લોન માફી અરજી સૂચનાઓમાં "પીપીપી શેડ્યુલ A વર્કશીટ માટેની સૂચનાઓ" અંતર્ગત "પગાર/કલાકનાં વેતનમાં ઘટાડો" વિભાગનો સંદર્ભ લેવો જોઇએ. પગલા 1 માં, ઉધાર લેનાર 1.a, 1.b, અને 1.c માં આંકડાઓ દાખલ કરે છે અને વાર્ષિક પગાર 25% કરતા વધારે ઘટાડવામાં આવ્યો હોવાથી, ઉધાર લેનાર પગલા 2 પર આગળ વધે છે. પગલા 2 અંતર્ગત, પગારમાં 31 ડિસેમ્બર, 2020 સુધીમાં પરત ફેરફાર કરવામાં આવ્યો ન હોવાનાં કારણે, પગાર/કલાકનાં વેતનનાં ઘટાડાનો સુરક્ષિત હાર્બર પૂર્ણ થયો નથી, અને ઉદાર લેનારે પગલા 3 પર આગળ વધવાની આવશ્યકતા છે. પગલા 3.a અંતર્ગત, $39,000 ($52,000 નાં 75%) ન્યૂનત્તમ પગાર છે જે પેનલ્ટી ટાળવા માટે જાળવી રાખવો અનિવાર્ય છે. પગાર ઘટાડીને $36,400 કરવામાં આવ્યો હતો, અને $2,600 નાં વધારાનાં ઘટાડાને પગલા 3.b માં દાખલ કરવામાં આવ્યો છે. આ કર્મચારી પગારદાર હોવાનાં કારણે, પગલા 3.e માં, ઉધાર લેનારે $2,600 નાં વધારાનાં ઘટાડાનો 8 થી ગુણાકાર કરી (જો તેણે તેનાં બદલે 24-સપ્તાહનો આવરીત સમયગાળો પસંદ કર્યો હતો તો, તો તેનો 24 થી ગુણાકાર કરવાની જરૂર પડત) અને 52 થી ભાગાકાર કરીને લોન માફીની રકમ $400 પર પહોંચવાની જરૂર પડશે. ઉધાર લેનાર પીપીપી શેડ્યુલ A વર્કશીટ કોષ્ટક 1 પર, તે કર્મચારી માટેનાં બોક્સ 3 ઉપરનાં કોલમમાં પગાર/કલાકનાં વેતનનાં ઘટાડા તરીકે $400 દાખલ કરશે.

<u>ઉદાહરણ 2:</u> ઉધાર લેનારે 5 જૂન 2020 પહેલા તેની પીપીપી લોન મેળવી હતી અને 24-સપ્તાહનાં આવરીત સમયગાળાનો ઉપયોગ કરવાનું પસંદ કર્યું હતું. આવરીત સમયગાળા દરમિયાન કલાક દીઠ કામ કરતા કર્મચારીનાં કલાકન વેતનમાં $20 પ્રતિ

કલાકથી ઘટાડો કરી $15 પ્રતિ કલાક કરવામાં આવ્યો હતો. કર્મચારીએ 1 જાન્યઉઆરી, 2020 અને 31 માર્ચ, 2020 વચ્ચે 10 કલાક પ્રતિ સપ્તાહ કામ કર્યું હતું. ઉધાર લેનારે પીપીપી લોન માફી અરજી સૂચનાઓમાં "પીપીપી શેડ્યુલ A વર્કશીટ માટેની સૂચનાઓ" અંતર્ગત "પગાર/કલાકનાં વેતનમાં ઘટાડો" વિભાગનો સંદર્ભ લેવો જોઇએ. કર્મચારીનાં કલાકનાં વેચનમાં સચોટ 25% ઘટાડો કરવામાં આવ્યો હોવાનાં કારણે ($20 પ્રતિ કલાક થી $15 પ્રતિ કલાક), વેતનનો ઘટાડો લાયક માફીની રકમમાં ઘટાડો કરતો નથી. લાઇન1.c માં રકમ 0.75 અથવા વધારે થશે, તેથી0 ઉધાર લેનાર પીપીપી શેડ્યુલ A વર્કશીટ કોષ્ટક 1 પર તે કર્મચારી માટેનાં પગાર/કલાકનાં વેતનનાં ઘટાડાનાં કોલમમાં $0 દાખલ કરશે.

જો તે જ કર્મચારીનાં કલાકનાં વેતનમાં ઘટાડો કરીને $14 પ્રતિ કલાક કરવામાં આવ્યું હતું, તો ઘટાડો 25% કરતા વધારે હશે, અને ઉધાર લેનાર પગલા 2 પર આગળ વધશે. જો તે ઘટાડો 31 ડિસેમ્બર, 2020 સુધીમાં પર બદલવામાં આવ્યો ન હતો, તો ઉધાર લેનાર પગલા 3 પર આગળ વધશે. આ કલાકનાં વેતનમાં 25% કરતા વધારે ઘટાડો $1 પ્રતિ કલાક છે. પગલા 3 માં, ઉધાર લેનાર સાપ્તાહિક પગાર ઘટાડાને નક્કી કરવા માટે $1 પ્રતિ કલાકનો ગુણાકાર 10 કલાક પ્રતિ સપ્તાહથી કરશે. ત્યારબાદ ઉધાર લેનાર સાપ્તાહિક પગાર ઘટાડાનો 24 સાથે ગુણાકાર કરશે (કારણ કે ઉધાર લેનાર 24-સપ્તાહનાં આવરીત સમયગાળાનો ઉપયોગ કરે છે). ઉધાર લેનાર પીપીપી શેડ્યુલ A વર્કશીટ કોષ્ટક 1 પર તે કર્મચારી માટેનાં પગાર/કલાકનાં વેતનનાં ઘટાડાનાં કોલમમાં $240 દાખલ કરશે. જો ઉધાર લેનાર 24-સપ્તાહનાં આવરીત સમયગાળાની સમાપ્તિ પહેલા માફી માટે અરજી કરે છે, તો તેણે સંપૂર્ણ 24-સપ્તાહનાં આવરીત સમયગાળા માટે પગાર ઘટાડાની ગણતરી કરવી અનિવાર્ય છે (25% કરતા વધારેનો વધારાનો ઘટાડો, અથવા $240).

<u>ઉદાહરણ 3:</u> એક કર્મચારીએ 1 જાન્યુઆરી, 2020 અને 31 માર્ચ, 2020 વચ્ચે $20 પ્રતિ કલાકનું વેતન મેળવ્યું હતું અને 40 કલાક પ્રતિ સપ્તાહ કામ કર્યું હતું. આવરીત સમયગાળા દરમિયાન, કર્મચારીનું વેતન બદલવામાં આવ્યું ન હતું, પરંતુ તેનાં કે તેણીનાં કલાકોમાં ઘટાડો કરી 25 કલાક પ્રતિ સપ્તાહ કરવામાં આવ્યા હતા. આ કિસ્સામાં, તે કર્મચારી માટે પગાર/કલાકનાં વેતનનો ઘટાડો શૂન્ય છે, કારણ કે કલાકનું વેતન બદલ્યા વગરનું હતું. પરિણામે, ઉધાર લેનાર પીપીપી શેડ્યુલ A વર્કશીટ કોષ્ટક 1 પર તે કર્મચારી માટેનાં પગાર/કલાકનાં વેતનનાં ઘટાડાનાં કોલમમાં $0 દાખલ કરશે. ઉધાર લેનારનાં

કલાકોમાં ઘટાડાને આવરીત સમયગાળા દરમિયાન તેનાં FTEની ઉદાર લેનારની ગણતરીમાં ધ્યાનમાં લેવામાં આવશે, જેને અલગથી ગણવામાં આવે છે અને ઉધાર લેનારની લોન માફી રકમમાં ઘટાડામાં પરિણમી શકે છે.

5. **પ્રશ્ન:** અમુક ચોક્કસ કર્મચારીઓ માટે 25% નાં વધારામાં પગાર/કલાકનાં વેતનનાં ઘટાડાઓ માટે આવશ્યક લોન માફી ઘટાડાની ગણતરીનાં હેતુઓ માટે, શું તમામ સ્વરૂપનાં વળતરનો સમાવેશ કરવામાં આવે છે કે માત્ર પગાર અને વેતનોનો સમાવેશ કરવામાં આવે છે?

   **જવાબ:** લોન માફી રકમમાં ઘટાડાઓની ગણતરી કરવાનાં હેતુઓ માટે, ઉદાર લેનારે માત્ર પગાર કે વેતનોમાં કરેલા ઘટાડાઓ ગણતરીમાં લેવા જોઇએ.

**<u>આર્થિક ઇજા આપત્તિ લોન (EIDL) FAQs</u>**

1. **પ્રશ્ન:** SBA દ્વારા ઉધાર આપનાર તરફ જમા કરાવેલી માફી રકમમાંથી પીપીપી ઉધાર લેનાર દ્વારા મેળવેલ કોઇપણ આર્થિક ઈજા આપત્તિ લોન (EIDL) એડવાન્સની રકમ કાપવામાં આવશે. ઉધાર આપનાર EIDL એડવાન્સની રકમ કેવી રીતે જાણશે જે આપમેળે SBA દ્વારા કાપી લેવામાં આવશે?

   **જવાબ:** જો ઉધાર લેનારે EIDL એડવાન્સ મેળવી હતી, તો SBA દ્વારા EIDL એડવાન્સની રકમથી ઉધાર આપનારની લોન માફીની રકમ ઘટાડવાની આવશ્યકતા રહે છે. SBA દ્વારા ઉધાર આપનારને રેમિટ કરેલી માફી રકમમાંથી SBA દ્વારા EIDL એડવાન્સ રકમ કાપવામાં આવશે. ઉધાર આપનાર પીપીપી માફી પ્લેટફોર્મમાં ઉધાર લેનારની EIDL એડવાન્સ માહિતીની સમીક્ષા દ્વારા SBA દ્વારા માફી ચૂકવણીમાંથી આપમેળે કાપી લેવામાં આવશે તે EIDL એડવાન્સની રકમની પુષ્ટિ કરવા સક્ષમ બનશે.

2. **પ્રશ્ન:** SBA દ્વારા ઉધાર આપનાર તરફ માફીની રકમ જમા કરાવ્યા બાદ પીપીપી લોન પર બાકી રબેલી કોઇપણ બેલેન્સ ઉધાર આપનારે કેવી રીતે હાથ ધરવી જોઇએ?

   **જવાબ:** જો પીપીપી લોન સંપૂર્ણ માફ ન કરવામાં આવી હોય (જો EIDL એડવાન્સ માટે માફી રકમમાં કોઇ ઘટાડો હોય તો તે સહિત), તો પીપીપી લોન પર બાકી કોઇપણ બેલેન્સ ઉધાર લેનારે ભરપાઇ કરવી અનિવાર્ય છે. ઉધાર આપનાર ઉધાર લેનારને SBA દ્વારા જમા કરાવવામાં આવેલી લોન માફી રકમ અને જે તારીખ પર ઉધાર લેનારની પ્રથમ લોન

ચૂકવણી કરવાની હોય તે તારીખની સૂચના આપવા માટે જવાબદાર છે. ઉધાર આપનારે લોનની સેવા આપવાનું ચાલું રાખવું અનિવાર્ય છે. ઉધાર લેનારે પીપીપી લોનની મેચ્યુરિટી તારીખ સુધીમાં બાકી રહેલી લોનની બેલેન્સ ભરપાઇ કરવી અનિવાર્ય છે (બે અથવા પાંચ વર્ષમાંથી એક). જો કોઇપણ કારણસર ઉધાર લેનાર પીપીપી લોન માટે ગેરલાયક નક્કી કરવામાં આવે છે, તો SBA બાકી પીપીપી લોન બેલેન્સ ભરપાઇ કરવાની માંગણી કરી શકે છે અથવા અન્ય ઉપલબ્ધ માર્ગો હાથમાં લઇ શકે છે.

3. **પ્રશ્ન:** જો ઉધાર લેનારે તેની પીપીપી લોનની રકમ કરતા વધારે EIDL એડવાન્સ મેળવી હોય તો ઉધાર આપનારે શું કરવું જોઇએ?

**જવાબ:** જે ઉધાર લેનારે તેની પીપીપી લોનની રકમથી વધારે EIDL એડવાન્સ મેળવી હોય તે પીપીપી લોન પર કોઇ માફી મેળવશે નહીં, કારણ કે EIDL એડવાન્સની રકમ પીપીપી લોન માફી રકમમાંથી કાપવામાં આવે છે.. ઉધાર આપનાર ઉધાર લેનારને જે તારીખ પર ઉધાર લેનારની પ્રથમ લોન ચૂકવણી કરવાની હોય તે તારીખની સૂચના આપવા માટે જવાબદાર છે. ઉધાર આપનારે લોનની સેવા આપવાનું ચાલું રાખવું અનિવાર્ય છે. ઉધાર લેનારે પીપીપી લોનની મેચ્યુરિટી તારીખ સુધીમાં બાકી રહેલી લોનની બેલેન્સ ભરપાઇ કરવી અનિવાર્ય છે (બે અથવા પાંચ વર્ષમાંથી એક). જો કોઇપણ કારણસર ઉધાર લેનાર પીપીપી લોન માટે ગેરલાયક નક્કી કરવામાં આવે છે, તો SBA બાકી પીપીપી લોન બેલેન્સ ભરપાઇ કરવાની માંગણી કરી શકે છે અથવા અન્ય ઉપલબ્ધ માર્ગો હાથમાં લઇ શકે છે.[8]

[8] તમામ પ્રશ્નો અને જવાબો પ્રકાશિત કર્યા 4 ઓગસ્ટ, 2020 નહીંતર અન્યથા જણાવેલું હોય. EIDL FAQs 1 - 3 પ્રકાશિત કર્યા 11 ઓગસ્ટ, 2020.